વેચાણ દસ્તાવેજ

નામ :–

ટાવર નં. , ફ્લેટ નં.

"Aum Residency" નામની યોજનાના ટાવર નં. ____ માં _______ માળે આવેલ ફ્લેટ નં. _______ વાળી મિલ્કતનો વેચાણ દસ્તાવેજ રૂા. __________/– અંકે રૂપીયા ______________________ પુરાનો.

આજરોજ તા.   –   –૨૦૧૭ ના રોજ:–

<u>વેચાણ દસ્તાવેજ લખી આપનાર/જમીન માલિક/એકતરફવાળા:–</u>

વિપુલકુમાર રણછોડભાઈ ઈસોટીયા, (PAN No. AAGPE0510R) ઉ.વ. ૪૬ વર્ષ, ધંધો–વેપાર, રહે. ડી–૨, પાર્શ્વનાથ બંગ્લોઝ, શીવ વાટીકા સામે, દરબાર ચોકડી, માંજલપુર, વડોદરા. (જેમને હવે પછીથી આ વેચાણ દસ્તાવેજમાં વેચાણ દસ્તાવેજ લખી આપનાર, એ રીતે સંબોધવામાં આવશે, જેના અર્થમાં તેઓ પોતે તથા તેમના વંશ, વાલી, વારસો, ઈત્યાદીનો સમાવેશ થાય છે) તે એકતરફવાળા.

<u>–: તથા :–</u>

<u>સંમતી આપનાર/ડેવલોપર્સ (બીજીતરફવાળા) :–</u>

M/s. Shree Gajanan Developers એ નામની ભાગીદારી પેઢી તર્ફે અને વતી તેના ભાગીદાર **વિપુલકુમાર રણછોડભાઈ ઈસોટીયા,** ઉ.વ. ૪૬ વર્ષ, ધંધો–વેપાર, ભાગીદારી પેઢીનું સરનામું– Aum Residency, વડસર બ્રીજ પાસે, વડસર રોડ, વડસર, વડોદરા. ભાગીદારી પેઢીનું PAN No. ADCFS5525R છે. (જેમને હવે પછી વેચાણ દસ્તાવેજમાં લખી આપનાર/સંમતી આપનાર એ રીતે સંબોધવામાં આવશે. જેના અર્થમાં લખી આપનાર/સંમતી આપનાર ભાગીદારી પેઢીના હાલના તથા વખતો વખતના ભાગીદારો પોતે જાતે તથા તેમના વંશ, વાલી, વારસો ઈત્યાદી તમામનો સમાવેશ થાય છે) તે બીજીતરફવાળા.

<u>–: તથા :–</u>

<u>વેચાણ દસ્તાવેજ લખી લેનાર/મિલ્કત વેચાણ રાખનાર/ત્રીજીતરફવાળા:–</u>

________________________________, (PAN No. __________) ઉ.વ. ______ વર્ષ, ધંધો–નોકરી/વેપાર/ખેતી, રહે. ____________________________________ __________________________________. (જેમને હવે પછીથી આ વેચાણ દસ્તાવેજમાં વેચાણ દસ્તાવેજ લખી લેનાર, મિલ્કત વેચાણ રાખનાર, એ રીતે સંબોધવામાં આવશે, જેના અર્થમાં તેઓ પોતે તથા તેમના વંશ, વાલી, વારસો, ઈત્યાદીનો સમાવેશ થાય છે) તે ત્રીજીતરફવાળા વચ્ચે આ વેચાણ દસ્તાવેજ કરવામાં આવે છે. જેની વિગતો તથા શરતો નીચે મુજબ છે.

૧. રજી. ડીસ્ટ્રીકટ વડોદરા, સબ ડીસ્ટ્રીકટ વડોદરા ના મોજે–વડસર ની સીમનાં બ્લોક/સર્વે નં. ૩૬૨ અને ૩૬૩ વાળી બીનખેતીની જમીન, જેનું ગામ નમુના નં. ૭/૧૨ મુજબનું ક્ષેત્રફળ અનુક્રમે ૦–૨૨–૨૬ હે–આરે–ચો.મી. અને ૦–૨૫–૨૯ હે–આરે–ચો.મી. મળી કુલ ૦–૪૭–૫૫ હે–આરે–ચો.મી. એટલે કે ૪,૭૫૫ ચો.મી. છે. જેનો ટી.પી.સ્કિમ નં. ૩૨ (મુસદ્દારૂપ) માં સમાવેશ થતાં મુળ ખંડ નં. ૭૧ અને ફા. પ્લોટ નં. ૭૧ પડેલો છે. તે ફા. પ્લોટ નં. ૭૧ મુજબ સદરહું જમીનનું માપ ૩,૧૯૯ ચો.મી. છે. જેનુ વિગતવાર વર્ણન આ સાથેના પરીશીષ્ટમાં સામેલ છે. જે અમો લખી આપનારા/એકતરફવાળાની સ્વતંત્ર માલિકી, કબજા–ભોગવટાની છે. સદર જમીન બાબત અમો જમીન માલિક એકતરફવાળાએ બીજીતરફવાળાને કરાર કરી આપેલ છે. તે ડેવલોપમેન્ટ કરાર મે. સબ–રજીસ્ટ્રાર વડોદરા–૪ (અકોટા) ની કચેરીમાં તા. ૨૫–૦૭–૨૦૧૭ ના રોજ અનુ. નં. ૧૨૪૦૬ થી નોંધાયેલ છે. જેથી તેઓને સદર બાનાખતના કરારમાં સંમતી આપનાર/બીજીતરફવાળા તરીકે જોડેલાં છે.

સદરહું જમીન મુળ જુની શરતની ખેતીની જમીન હતી. તે જમીનનો બીનખેતીના હેતુ માટે વાપર, ઉપયોગ, ઉપભોગ કરવા માટે મે. વડોદરાના કલેકટરશ્રી એ તેઓના હુકમ નં. એન.એ./એસ.આર./૪૮૪/૨૦૧૬–૧૭ નં. જમીન–ડી/ કલમ–૬૫/વશી/૨૦૮૦ થી ૨૦૮૮/૧૭ થી તા. ૧૭–૦૪–૨૦૧૭ ના રોજ પરવાનગી આપેલ છે.

૨. સદરહું જમીનમાં બાંધકામ કરવા અંગેની જરૂરી પરવાનગી તા. ૨૦–૦૪–૨૦૧૭ ના રોજ વડોદરા મહાનગર પાલિકા તરફથી વિકાસ પરવાનગી નં. વોર્ડ–૪/એલ–૪/૨૦૧૭–૨૦૧૮ થી આપવામાં આવેલ છે. તે રજાચીઠ્ઠી મુજબ બીજીતરફવાળાએ સદર જમીનમાં “Aum Residency” એ નામની રહેણાંક યોજનાનુ આયોજન કરેલું છે.

૩. સદરહું આ સાથેના પરીશીષ્ટમાં જણાવેલ વર્ણનવાળી મિલ્કત એટલે કે “Aum Residency” એ નામની રહેણાંક યોજનાના **ટાવર નં.** ______ **માં** ________ **માળે** આવેલ **ફ્લેટ નં.** ________ વાળી મિલ્કત **રૂા.** ____________**/– અંકે રૂપીયા** ________________________________ **પુરા**માં અમો એકતરફવાળા તથા બીજીતરફવાળાએ તમો ત્રીજીતરફવાળાને વેચાણ આપેલ છે અને તે સંપુર્ણ અવેજની રકમ અમો એકતરફવાળાની સંમતીથી બીજીતરફવાળાને તમો ત્રીજીતરફવાળા પાસેથી નીચેની વિગતે મળી ગયેલી છે.

રૂા.	/–	તા. __________ ના રોજ ______________ બેંકના ચેક નં. ____________ થી મળી ગયેલાં છે.
રૂા.	**/–**	**અંકે રૂપિયા** ____________________________ **પુરા.**

આમ, અમો એકતરફવાળાની સંમતીથી બીજીતરફવાળાને તમો ત્રીજીતરફવાળા પાસેથી ઉપર પ્રમાણે વેચાણનો સંપુર્ણ અવેજ મળી ગયેલો છે. અને સદરહું મિલ્કતના વેચાણ અવેજ પેટે અમો એકતરફવાળા તથા બીજીતરફવાળાએ હવે પછી બીજી કોઈ રકમ તમો ત્રીજીતરફવાળા પાસેથી

લેવાની રહેતી નથી. ઉપર પ્રમાણે ચુકવેલ અવેજના બદલામાં ઉપરોકત મિલ્કતનો પ્રત્યક્ષ કબજો અમો એકતરફવાળા તથા બીજીતરફવાળાએ તમો ત્રીજીતરફવાળાને આજરોજ સોંપેલ છે. જે તમો ત્રીજીતરફવાળાએ સંભાળી પણ લીધેલો છે.

૪. સદરહું સમગ્ર જમીન ઉપર આયોજીત યોજના કે જે "Aum Residency" ના નામથી ઓળખાશે અને તે નામમાં કોઈ પણ પ્રકારે ફેરફાર કરવા–કરાવવા કોઈને હક્ક અને અધિકાર નથી. અને સદર લેખ અન્વયે વેચાણ આપેલ મિલકતને લાગતા વળગતા તમામ પ્રકારના હક્કો સાથેની, તેમાં જવા–આવવાના રસ્તા–પાણીના નીકાલના તથા ટેલીફોન, લાઈટ, ડ્રેનેજ વિગેરેના કનેકશનો લાવવા–લઈ જવાના સર્વે પ્રકારના સુખાધિકારી હક્કો સાથેની મિલકત અમો એકતરફવાળા તથા બીજીતરફવાળાએ તમો ત્રીજીતરફવાળાને સદર વેચાણ દસ્તાવેજથી કાયમને માટે વેચાણ આપેલ છે. જેથી સદર વેચાણ આપેલ મિલકતનો માલીકી હક્કે વાપર, ઉપયોગ, ઉપભોગ કરવા–કરાવવા તથા તે અન્યને ગીરો, વેચાણ, બક્ષીસ કરવા–કરાવવા તમો લખી લેનાર/ત્રીજીતરફવાળા તથા તમારા વંશ, વાલી, વારસો સર્વે માલીક, મુખત્યાર અને કબજેદાર તથા હક્કદાર અને અધિકારી થયા છો.

૫. સદર વેચાણ દસ્તાવેજથી વેચાણ આપેલ મિલકતના માલીક તરીકે જરૂરી રેવન્યુ રેકર્ડ, સરકારી–અર્ધ સરકારી કચેરીઓ, મધ્ય ગુજરાત વીજ કાં. લિ. વિગેરેમાં તમો લખી લેનારા સદર વેચાણ આપેલ મિલ્કત તમારા નામે નામફેર કરવા–કરાવવા હક્કદાર અને અધિકારી છો. તે અંગે અમો એકતરફવાળા તથા બીજીતરફવાળા જરૂરી તમામ સહી–સંમતીઓ કરી આપીશું. વધુમાં તમો ત્રીજીતરફવાળાએ વીજળી બીલ, સર્વિસ ટેક્ષ, રેવન્યુ રેકર્ડમાં નામફેર કરવાનો ખર્ચ, કોર્પો. ટેક્ષ વિગેરે નીયત દરો મુજબ જે કાંઈ ભરવાના છે તે ભરપાઈ કરવાની તમામ જવાબદારીઓ તમો લખી લેનારની છે અને રહેશે. સદર વેચાણ દસ્તાવેજનો સ્ટેમ્પ, નોધણી ફી, લખાઈ ફી વિગેરેનો તમામ ખર્ચ તમો ત્રીજીતરફવાળાએ ભોગવેલો છે.

૬. સદર યોજનાની જાળવણી, સાચવણી, સફાઈ તથા નીભાવણી અંગે યુનીટ વેચાણ લેનારાઓ ભેગા મળી વિકાસ મંડળ યા એશોસીએશનની રચના કરે તો તેમાં તમો વેચાણ લેનાર/ત્રીજીતરફવાળાએ ફરજીયાતપણે સભાસદ થઈ તેના નીતી નીયમોનુ ફરજીયાત પાલન કરવાનું છે અને વહીવટી ખર્ચ જેવો કે જાળવણી, સાચવણી, સફાઈ તથા નીભાવણી, કોમન લાઈટ બીલ, પાણીની મોટર પંપનો તથા સામુહીક વપરાશની તમામ ચીજ વસ્તુઓના રીપેરીંગ ખર્ચ વિગેરે જેવા મેન્ટેનન્સ ચાર્જીસ અંગેની રકમ જરૂર પડે ત્યારે તે વરાડે પડતી આપવાની છે તેવી સ્પષ્ટતા અને સ્પષ્ટ શરત સાથે સદર વેચાણ દસ્તાવેજ અમો એકતરફવાળા તથા બીજીતરફવાળાએ તમો ત્રીજીતરફવાળાને કરી આપેલ છે.

૭. સદરહું જમીનમાં બાંધકામ અર્થે મંજુર થયેલા નકશા કે જે વુડાએ મંજુર કરેલા છે તે મુજબ જ સદર ફ્લેટનું બાંધકામ કરવામાં આવેલ છે અને તે તમો

ત્રીજીતરફવાળાએ ચકાસેલ છે. તેમાં દર્શાવ્યા મુજબ ખુલ્લી જમીન કોઈ પણ પ્રકારે અંગત માલીકી હક્કે માંગ્યા સીવાય કાયમને માટે ખુલ્લી રાખવા તમો લખી લેનાર/ત્રીજીતરફવાળા તથા અન્ય યુનીટ વેચાણ લેનારા સહ હીસ્સેદાર તરીકે બંધાયેલાં રહેશે. અને સદર લેખથી સ્થળ સ્થિતી માપ પ્રમાણેની એપાર્ટમેન્ટ પદ્ધતિવાળી "Aum Residency" નામની યોજના પૈકીની મિલ્કત તમો ત્રીજીતરફવાળાને વેચાણ આપેલ હોઈ યોજનાની ખુલ્લી જમીનમાં કે અન્ય કોઈ પણ બાંધકામમાં પોતાનો આગવો ભાગ જુદો પાડી શકશે નહીં કે માલીકી માંગી શકશે નહીં. અને તમો લખી લેનારા/ત્રીજીતરફવાળા જો તમોને આથી વેચાણ આપેલ મિલ્કત અન્ય કોઈને વેચાણ આપો તો સદર આ લેખની તમામ શરતો માન્ય રખાવી તેને આધીન રહેવાની સ્પષ્ટતા સાથે જ વેચાણ આપી શકશો અને આપવાની રહેશે. સદર યોજનાના આયોજકો દ્વારા જરૂરીયાત મુજબની સુવીધાઓ માટે કરેલાં/કરેલ/થનાર ફેરફારો યોજનાના તમામ યુનીટ વેચાણ લેનારાઓએ માન્ય રાખવાના રહેશે. તે અંગે અન્ય કોઈપણ યુનીટ વેચાણ લેનારાઓએ હાલમાં કે ભવિષ્યમાં કોઈપણ જાતનો વાંધો કે તકરાર કરવા–કરાવવાની રહેશે નહીં. સદર યોજનાની અગાસીમાં વધારાના બાંધકામ કરવાની પરવાનગી મળે તો તેમાં બાંધકામ કરવા–કરાવવા, ટાવર મુકવા અથવા તો તે અન્ય કોઈને કોઈ પણ પ્રકારના લેખ–લખાણોથી લખી આપવા સહના તમામ માલીકી હક્કો કાયમી ધોરણે અમો એકતરફવાળા તથા બીજીતરફવાળા પાસે જ અબાધિત રહેશે. જે અંગે હાલમાં કે ભવિષ્યમાં યોજનાના કોઈ પણ યુનીટ ધારકોએ કે કોઈએ પણ વાંધો કે હેલો–હરકત, તકરાર કરવાની રહેશે નહીં કે સદર યોજનાની અગાસી પર કોઈ પણ યુનીટ વેચાણ લેનારાઓની અંગત માલીકી રહેશે નહીં કે માંગી શકશે નહી. તેવી સ્પષ્ટતા અને સ્પષ્ટ શરત સાથે સદર વેચાણ દસ્તાવેજ અમો એકતરફવાળા તથા બીજીતરફવાળાએ તમો ત્રીજીતરફવાળાને લખી આપેલ છે.

૮. સદર વેચાણ આપેલ મિલકતની બહારના ભાગે કોઈ પણ સુધારા–વધારા કે ઓપનીંગમાં (બારી–દરવાજા) માં ફેરફાર કરવાનો નથી કે ડીપશેડમાં કોઈ દબાણ કરવાનુ નથી કે પ્રોજેક્ટ કરેલ ગ્રીલ લગાડવાની નથી. તેમજ વેચાણ આપેલ યુનીટની દિવાલ, બારી, દરવાજા વિગેરેની સ્થળ સ્થિતીમાં ફેરફાર કરવાનો નથી કે કરી શકાશે નહી તથા સ્લેબની ઉપર–નીચેના માલીકો સાથેની માલીકી અને દિવાલોની આજુબાજુના માલીકો સાથેની માલીકી સહીયારી રહેશે તેમજ તેનો નિભાવણી, મરામત, નવીન બનાવવા અંગેનો ખર્ચ વીગેરે જે તે યુનીટ માલીકોએ જરૂર પડે ત્યારે વરાડે પડતો ભોગવવાનો રહેશે. સદર યોજનાના એલીવેશનમાં કોઈ પણ પ્રકારે ફેરફાર થાય કે આર.સી.સી. સ્ટ્રકચરને કોઈ પણ જાતનું નુકશાન થાય તેવું કૃત્ય કોઈએ પણ કરવાનું નથી કે પેસેજમાં કોઈને અડચણ પડે તે રીતે માલ–સામાન કે અન્ય કોઈ પણ વસ્તુઓ મુકવાની રહેશે નહીં. અને તમામ ફ્લેટ માલીકોએ ભારે માલ–સામાન કે વાઈબ્રેશન કે અવાજનુ પ્રદુષણ થાય તેવી ભારે મશીનરી કે મોટર મુકવાની રહેશે નહી અને યોજનામાં કોમન પાર્કીંગ, પેસેજમાં ગંદકી કરવી નહી કે કોઈને અડચણ થાય તેવુ કૃત્ય કોઈએ કરવાનુ નથી કે સરકારી કાયદા વિરૂધ્ધ કોઈ માલ–સામાન રાખવાનો નથી કે તેવો કોઈ ગુનાહીત કૃત્ય/ધંધો કરવાનો નથી

તથા સળગી ઉઠે તેવો કોઈ સ્ફોટક પદાર્થ રાખવાનો નથી કે તેવું કૃત્ય કોઈ પણ યુનીટ વેચાણ લેનારે કરવાનું નથી. તેવી સ્પષ્ટતા અને સ્પષ્ટ શરત સાથે સદર વેચાણ દસ્તાવેજ લખી આપેલ છે.

૯. સદરહું યોજનામાં યુનીટ વેચાણ રાખનારાઓએ તેઓના વાહનો તેઓએ વેચાણ રાખેલ જે તે યુનીટના ટાવરમાં જ આવેલ પાર્કીગની જગ્યામાં જ પોતાના વાહનો અન્ય કોઈને અડચણ ન પડે તે રીતે પાર્ક કરવાના છે અને રહેશે. પરંતુ, સદરહું યોજનામાં યુનીટ વેચાણ રાખનારાઓ સદર પાર્કીગની જગ્યાના માલિક ગણાશે નહિં. તેવી સ્પષ્ટતા અને સ્પષ્ટ શરત સાથે સદર વેચાણ દસ્તાવેજ અમો એકતરફવાળાએ તમો ત્રીજીતરફવાળાને કરી આપેલો છે.

૧૦. સદર વેચાણ દસ્તાવેજના આધારે વેચાણ આપેલી મિલ્કત એટલે કે આ સાથેના પરીશીષ્ટમાં વિગતે વર્ણવિલ મિલકત અમો એકતરફવાળાની માલીકી અને કબજા ભોગવટાની છે અને તેમાં અમો એકતરફવાળા તથા બીજીતરફવાળા સીવાય બીજા અન્ય કોઈનો કોઈપણ જાતનો લાગ, ભાગ, હક્ક, હીત, સંબંધ નથી કે તે અન્ય કોઈ વ્યકિત, પેઢી કે નાણાં ધીરનાર બેંક, ફાયનાન્સ કંપની, સંસ્થાને ગીરો, વેચાણ, બક્ષીસ, બાનાખત યા અન્ય કોઈપણ પ્રકારના લેખ–લખાણોથી લખી આપી નથી. સદર મિલકતના આપેલ ટાઈટલ કલીયરન્સ સર્ટીફીકેટ મુજબ ટાઈટલ ચોખ્ખા અને કલીયર માર્કેટેબલ છે. તેમજ તે વેચાણ આપવાનો અમોને સંપુર્ણ હક્ક અને અધિકાર છે. તેવો પાકો ભરોસો અને વિશ્વાસ આપીને સદર પરીશીષ્ટમાં જણાવેલ વર્ણનવાળી મિલ્કત સદર વેચાણ દસ્તાવેજથી તમો લખી લેનાર/ત્રીજીતરફવાળાને વેચાણ આપેલ છે.

૧૧. સદરહું તમો ત્રીજીતરફવાળાને વેચાણ આપેલ મિલ્કત અંગે અમો એકતરફવાળા તથા બીજીતરફવાળા દ્વારા સંપુર્ણ માહિતી આપવામાં આવેલ છે. તેમજ સદર યોજનાને લગતા તમામ દસ્તાવેજી કાગળો તમો ત્રીજીતરફવાળાએ તમારા વકીલ પાસે જોવડાવી, ચકાસી લીધેલ છે અને ત્યારબાદ તમો ત્રીજીતરફવાળાએ સદર પરિશિષ્ટવાળી મિલ્કત વેચાણ રાખવાનું નક્કિ કરેલ છે. જેથી સદર બાનાખતનો કરાર અમો એકતરફવાળા તથા બીજીતરફવાળાએ તમો ત્રીજીતરફવાળાને કરી આપેલો છે.

<u>પરીશીષ્ટ</u>

<u>વેચાણ આપેલ મિલ્કતનુ વર્ણન</u>

રજી. ડીસ્ટ્રીકટ વડોદરા, સબ ડીસ્ટ્રીકટ વડોદરા ના મોજે–વડસર ની સીમનાં બ્લોક/સર્વે નં. ૩૬૨ અને ૩૬૩ વાળી બીનખેતીની જમીન, જેનું ગામ નમુના નં. ૭/૧૨ મુજબનું ક્ષેત્રફળ અનુક્રમે ૦–૨૨–૨૬ હે–આરે–ચો.મી. અને ૦–૨૫–૨૯ હે–આરે–ચો.મી. મળી કુલ ૦–૪૭–૫૫ હે–આરે–ચો.મી. એટલે કે ૪,૭૫૫ ચો.મી. છે. જેનો ટી.પી.સ્કિમ નં. ૩૨ (મુસદ્દારૂપ) માં સમાવેશ થતાં મુળ ખંડ નં. ૭૧ અને ફા. પ્લોટ નં. ૭૧ પડેલો છે. તે ફા. પ્લોટ નં. ૭૧ મુજબ સદરહું જમીનનું માપ ૩,૧૯૯ ચો.મી. છે. તે જમીનમાં બાંધવામાં આવેલ **"Aum Residency"** નામની રહેણાંક યોજનાના ટાવર નં. _______ માં _______ માળે આવેલ ફ્લેટ નં. ________ વાળી

મિલ્કત, જેનું માપ _______ ચો.મી. છે. તેને વરાડે પડતા રોડ–રસ્તા અને કોમન પ્લોટનું માપ ________ ચો.મી. છે. તે ફ્લેટ નં. ______ વાળી મિલ્કત અમો એકતરફવાળાએ તમો ત્રીજીતરફવાળાને સદર વેચાણ દસ્તાવેજથી વેચાણ આપેલ છે. જેની ચતુ: સીમાં નીચે મુજબ છે.

પૂર્વે :
પશ્ચિમે :
ઉત્તરે :
દક્ષિણે :

મિલ્કતની ઓળખ માટેનો ફોટોગ્રાફ

મિલ્કતનું પોષ્ટલ સરનામું : ફ્લેટ નં. _____, _____ માળે, “Aum Residency”,
વડસર, વડોદરા.

______________________ ______________________
મિલ્કત વેચાણ આપનાર સંમતી આપનારની સહી

મિલ્કત વેચાણ લેનારની સહી: ______________________

ઉપરના વર્ણનવાળો ફ્લેટ નં. _____ વાળી મિલ્કત અમો એકતરફવાળાએ તમો ત્રીજીતરફવાળાને આ વેચાણ દસ્તાવેજથી કાયમને માટે વેચાણ આપેલ છે.

આ વેચાણ દસ્તાવેજ અમો એકતરફવાળાએ તમો ત્રીજીતરફવાળાને અમારી રાજી–ખુશીથી, અક્કલ હોંશીયારીથી, બીનકેફ અવસ્થામાં, વાંચી, વંચાવી, સમજી, વિચારી, કોઈપણ જાતની ધાક, ધમકી કે દબાણ વગર કરી આપેલો હોઈ, તે અમોને તથા અમારા વંશ, વાલી, વારસો, ઈત્યાદીને કબુલ મંજુર તથા બંધનકર્તા છે અને રહેશે.

____

વિપુલકુમાર રણછોડભાઈ ઈસોટીયા
વેચાણ દસ્તાવેજ લખી આપનાર
જમીન માલિક/એકતરફવાળા

M/s. Shree Gajanan Developers એ નામની ભાગીદારી પેઢી તર્ફે અને વતી તેના ભાગીદાર

____

વિપુલકુમાર રણછોડભાઈ ઈસોટીયા
સંમતી આપનાર/બીજીતરફવાળા

____

વેચાણ દસ્તાવેજ લખી લેનાર
મિલ્કત વેચાણ રાખનાર/ત્રીજીતરફવાળા

સાક્ષીઓની સહી

૧_________________

૨_________________

રજીસ્ટ્રેશન એકટ–૧૯૦૮ મુજબ સેકશન ૩૨–એ પ્રમાણે શીડ્યુલ

વિપુલકુમાર રણછોડભાઈ ઈસોટીયા
વેચાણ દસ્તાવેજ લખી આપનાર
જમીન માલિક/એકતરફવાળા

M/s. Shree Gajanan Developers એ નામની ભાગીદારી પેઢી
તર્ફે અને વતી તેના ભાગીદાર

વિપુલકુમાર રણછોડભાઈ ઈસોટીયા
સંમતી આપનાર/બીજીતરફવાળા

વેચાણ દસ્તાવેજ લખી લેનાર
મિલ્કત વેચાણ રાખનાર/ત્રીજીતરફવાળા

દસ્તાવેજ નં.__________ તા.   –   –૨૦૧૭

::પરિશિષ્ટ::

નોંધણી અધિનિયમ–૧૯૦૮ ની કલમ–૩૪ ની પેટા કલમ–૩ મુજબનું ચેકલીસ્ટ

અ. નં.	લખી આપનારને પુછવાના પ્રશ્ન	જવાબ (હા કે ના)
૧	લેખમાં દર્શાવ્યા મુજબ રજી. ડીસ્ટ્રીકટ વડોદરા, સબ ડીસ્ટ્રીકટ વડોદરા ના મોજે–વડસર ની સીમનાં બ્લોક/સર્વે નં. ૩૬૨ અને ૩૬૩, ટી.પી.સ્કિમ નં. ૩૨ (મુસદ્દારૂપ), મુળ ખંડ નં. ૭૧, ફા. પ્લોટ નં. ૭૧ વાળી બીનખેતીની જમીનમાં આવેલ **"Aum Residency"** નામની રહેણાંક યોજનાના ટાવર નં. _____ માં ______ માળે આવેલ ફ્લેટ નં. ______ વાળી મિલ્કતનો વેચાણ દસ્તાવેજ કરી આપેલ છે ?	**હા**
૨	લેખમાં દર્શાવ્યા મુજબ સદર **ફ્લેટ નં.** _________ વાળી મિલ્કત, **જેનું માપ _____ ચો.મી. છે તથા તેને વરાડે પડતા રોડ–રસ્તા અને કોમન પ્લોટનું માપ _____ ચો.મી.** છે. તે મિલ્કતનો વેચાણ દસ્તાવેજ કરી આપેલ છે ?	**હા**
૩	લેખમાં દર્શાવ્યા મુજબની વિગતે અવેજની રકમ મળેલ છે ?	**હા**
૪	લેખમાં દર્શાવેલ વિગતો વાંચી, વંચાવીને સમજી, વિચારીને તમે પોતે જાતે જ સહી/અંગુઠાની છાપ કરેલ છે તે તમે કબુલ રાખો છો ?	**હા**
૫	ઓળખાણ આપવા સારૂ તમને ઓળખતા હોય તેવી વ્યક્તિઓ સાથે લાવ્યા છો ?	**હા**

ઓળખાણ આપનારને પુછવાના પ્રશ્ન

૧	દસ્તાવેજ લખી આપનાર વ્યક્તિ/ઓ કે જેઓએ કબુલાત આપી છે તેઓને તમે જાતે ઓળખો છો ?	**હા**
૨	દસ્તાવેજમાં લખેલ નામ અને કબુલાત આપનાર વ્યક્તિ/ઓ એક જ છે ?	**હા**
૩	કોઈ વ્યક્તિએ ખોટું નામ ધારણ કરીને કબુલાત આપી નથી એવી તમે ખાતરી આપો છો ?	**હા**

લખી આપનાર કે તેઓના કુ.મુ. ની સહી   **ઓળખાણ આપનારની સહી**

______________________   ______________________

સંમતી આપનારની સહી   ______________________

____

સહી__________________

સબ–રજીસ્ટ્રાર (અકોટા)

વડોદરા–૩